Friday
24.05.2024
✳Volume :8 ✳ Issue No.303
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્


KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,
✳Managing Editor: Arjun Sondarva
✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-




## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ૧૦૦ જેટલા યુવા વિદ્યાર્થીઓની કર્ગિસ્તાન રાષ્ટ્રમાં સલામતી અને સુરક્ષા માટે વિદેશ મંત્રાલય સાથે પરામર્શ અંગે મુખ્ય સચિવ શ્રી રાજકુમારને સુચનાઓ આપી

કર્ગિસ્તાનમાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાઓ થવાની વધી રહેલી ઘટનાને પગલે ગુજરાતના સુરત શહેર-જિલ્લાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓના માતા-પિતાએ તેમના સંતાનોની સુરક્ષા-સલામતી માટે રજૂઆત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમારને કર્ગિસ્તાનમાં ફસાયેલા ગુજરાતના વિદ્યાર્થીઓની સલામતી માટે યોગ્ય સંકલન કરવા જણાવ્યું હતું. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે ભારત સરકારના વિદેશ મંત્રાલય અને કર્ગિસ્તાનના રાજદૂતાવાસનો સંપર્ક કરીને આ વિદ્યાર્થીઓને સલામત વતન પરત લાવવાની વ્યવસ્થાઓની વિગતો મેળવી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કર્ગિસ્તાનમાં મેડિકલ અને અન્ય ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત સહિત ભારતના ૧૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ વસેલા છે. કર્ગિસ્તાનમાં સ્થિત ભારતીય રાજદૂતાવાસત્યાંનીયુનિવર્સિટીઝ અને વરિષ્ઠસરકારીઅધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે અને ભારતીયવિદ્યાર્થીઓનીસલામતી માટે યોગ્ય વ્યવસ્થાઓ કરવા તેમને જણાવાયું છે. એટલું જ નહીં, કર્ગિસ્તાનમાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓ રાજદૂતાવાસનાં સંપર્કમાં રહીને તેમની વિગતો આપી શકે તે માટે બેહેલ્પલાઈનનંબર૦૫૫૭૧૦૦૪૧ અને ૦૫૫૦૦૫૫૩૮ પણ ૨૪૮૭ કાર્યરત કરવામાં આવી છે.આ વિદ્યાર્થીઓના પરિવારોને વિનંતી કરવામાં આવી છે કે, કેટલાક તત્વો દ્વારા હુમલાઓ અંગે ફેલાવવામાં આવતી અફવાઓ પર ધ્યાન ન આપે. ત્યાંની પ્રવર્તમાન સ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસીસ શરૂ થયા છે. એટલું જ નહીં, શૈક્ષણિક સત્ર પૂર્ણ થવાનાઆરેહોવાથીવિદ્યાર્થીઓને વતન પરત આવવા એરલાઈન્સ ઓપરેશન્સ પણ કાર્યરત છે. રાજ્ય સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓની સંપૂર્ણ સલામતી અને સુરક્ષા માટે ધ્યાન કેન્દ્રિત કરેલું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને વહીવટી તંત્ર આ વિદ્યાર્થીઓની સલામતી માટે સંકલન કરી રહ્યું છે.



## બોઈલરમાં વિસ્ફોટ એટલો મોટો હતો કે આસપાસના લોકો ખૂબ ડરી ગયા હતા, ૨ કિલોમીટર દૂર સુધી અવાજ સંભળાયો હતો

મુંબઈ,તા. ૨૩

મહારાષ્ટ્રના ડોમ્બિવલીના એમઆઈડીસી વિસ્તારમાં આવેલી એક કેમિકલની ફેક્ટરીમાં બોઈલર વિસ્ફોટને કારણે ભયંકર મોટી આગ ફાટી નીકળી હતી. ફાયરની દસથી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ડોમ્બિવલીની એક મોટી કેમિકલ કંપનીમાં બ્લાસ્ટના કારણે આસપાસની ઈમારતોના કાચ પણ તૂટી ગયા હતા. ડોમ્બિવલી બોઈલર બ્લાસ્ટની ઘટનામાં ૪ લોકોના મોત થયા છે. મૃતકોમાં બે મહિલા અને બે પુરૂષોનો સમાવેશ થાય છે. આ બ્લાસ્ટમાં ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ વિસ્ફોટ ના કારણે કેટલાક વાહનોને નુકસાન થયું છે. આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે તેનો અવાજ બે કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. મહારાષ્ટ્રના ડીસીએમ દેવેન્દ્ર ફડણવીસે ડોમ્બિવલી આગની ઘટના પર ટ્વીટ કર્યું છે, તેમણે કહ્યું છે કે, "ડોમ્બિવલી એમઆઈડીસીમાં અમુદાન કેમિકલ કંપનીમાં બોઈલર વિસ્ફોટની ઘટના દુઃખદ છે. ૮ લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઘાયલોની સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવી છે અને વધુ એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે." મેં કલેક્ટર સાથે ચર્ચા કરી છે અને તેઓ પણ ૧૦ મિનિટમાં સ્થળ પર પહોંચી રહ્યા છે, એનડીઆરએફ, ટીડીઆરએફ, ફાયર બ્રિગેડની ટીમોને બોલાવવામાં આવી છે. જ્યારે શરદ પવાર જૂથના ધારાસભ્ય રોહિત પવારે કહ્યું હતું કે, "ડોમ્બિવલીમાં એક કેમિકલ કંપનીમાં આગ લાગવાની ઘટના ખૂબ જ ભયાનક છે. એવા પણ અહેવાલ છે કે કેટલાક કામદારો ઘાયલ થયા છે અને હું પ્રાર્થના કરું છું કે તેઓ બધા જલ્દી સ્વસ્થ થઈ જાય. જો કે, વહીવટીતંત્ર વતી આ પ્રયાસો છે. આગ ઓલવવા માટે કરવામાં આવી રહી છે, પરંતુ આવી આગ અને કામદારોના જાનહાનિની ઘટનાઓ વારંવાર કેમ બને છે તે શોધવાની જરૂર છે અને યોગ્ય પગલાં લેવા જોઈએ."









# દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી


### આઠ નવા પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓમાં સાત મહિલાઓ : દીકરીઓની પ્રગતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રી



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૩ની બેચના પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓની સૌજન્ય મુલાકાત

ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૩ની બેચના પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ આજે રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમને અભિનંદન અને શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, પ્રતિભા, કૌશલ્ય અને સખત પરિશ્રમથી, માતા-પિતા અને ગુરુજનોના આશીર્વાદથી આપ આઈ.એ.એસ. તરીકે સર્વોચ્ચ પ્રશાસનિક પદ પામ્યા છો ત્યારે સેવાકાળ દરમિયાન એવા કર્મો કરજો કે દુઃખિયારા લોકોના આંસુ લૂછી શકાય, કોઈ જરૂરિયાતમંદના ઘરને ઉજ્જવળ કરી શકાય, યુવા પેઢીને તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે તૈયાર કરી શકાય. જે સત્કર્મો કરે છે તેને જ ઈતિહાસ યાદ રાખે છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આપ ભાગ્યશાળી છો કે સેવા માટે આપને ગુજરાત જેવું રાજ્ય મળ્યું છે, જે હર ક્ષેત્રમાં અગ્રેસર છે. ગુજરાતના લોકો પરિશ્રમી, પ્રગતિશીલ અને સહયોગી છે. ગુજરાતીઓમાં પોતાના પ્રદેશને આગળ વધારવાની ભાવના રહેલી છે. આઠ નવા પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓમાં સાત મહિલાઓ છે. દીકરીઓની પ્રગતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રાચીનકાળમાં મૈત્રેયી, ગાર્ગી, લોપામુદ્રા, રત્નાવલી, વિશ્વઆરા જેવી વિદુષી મહિલાઓ થઈ ગઈ, જેમણે ભારતના ગરિમા અને ગૌરવમાં વૃદ્ધિ કરી છે. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યા માટે સરસ્વતી દેવી છે, વીરતા માટે દુર્ગા અને પાલનપોષણ માટે જગતજનની જગદંબા છે. ઈશ્વર પછી માતૃશક્તિને જ ભગવાનનો દરજ્જો મળ્યો છે. વર્તમાનમાં પણ દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે. આઈ.એ.એસ.ની કઠિન પરીક્ષા પાસ કરીને નવી જવાબદારી સંભાળવા જઈ રહેલી દીકરીઓને અભિનંદન આપતાં તેમણે કહ્યું કે, ભારતના ગામડાઓમાં વિકાસની ક્ષમતા છે, તેમને વિકાસનો અવસર આપજો. શિક્ષણનો વ્યાપ વધે તે માટે પ્રયત્ન કરજો. તમે તમારા જિલ્લા માટે આદર્શ બનો અને માતા-પિતા તથા રાષ્ટ્રનું ગૌરવ વધારીને નવા કીર્તિમાન સ્થાપો એ જ શુભકામના. ગુજરાતને ફાળવાયેલા આ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન-સ્પીપામાંથી ઈન્સ્ટિટયૂશનલ તાલીમ પૂર્ણ કરી છે. હવે તેઓ અલગ અલગ જિલ્લાઓમાં ક્ષેત્રીય તાલીમ મેળવશે.

## મહુડી જૈન તીર્થના ટ્રસ્ટીઓ દ્વારા મંદિરનું ૧૩૦ કિલો સોનું ગાયબ કર્યાના આરોપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી



ગાંધીનગર,તા. ૨૩

ગાંધીનગર માં આવેલ વિશ્વ પ્રખ્યાત ધાર્મિક સ્થળ એવા મહુડી જૈન તીર્થ ટ્રસ્ટીઓ ના લીધે વિવાદોમાં ઘેરાઈ ગયું છે. મંદિરમાંથી ૧૩૦ કિલો સોનું ગાયબ થઈ જતાં વિવાદ સર્જાયો છે, આ ઘટના અંગે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી અને આ અરજીમાં ૧૩૦ કિલો સોનું ગાયબ થઈ જવાનો આરોપ લગાવતા ભારે વિવાદ થયો છે. ૧૦૦ વર્ષથી પ્રાચીન યાત્રાધામ મહુડી જૈન તીર્થ ફરી વિવાદમાં આવી ગયું છે. મહુડી જૈન તીર્થ મંદિરમાંથી ૧૩૦ કિલો સોનું ગાયબ થઈ ગયું છે ત્યારે ટ્રસ્ટીઓએ મંદિરનું સોનું ગાયબ કર્યાના આરોપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં આરોપ લગાવાયો છે કે ઘંટાકર્ણ મહાવીર મંદિરમાંથી ૧૩૦ કિલો સોનું ગાયબ છે અને તેના પાછળ કાર્યકારી ટ્રસ્ટી સહિતના લોકો જવાબદાર છે. ૧૩૦ કિલો સોનાની ઉચાપત વર્ષ ૨૦૧૨થી ૨૦૨૪ સુધીના સમયગાળામાં થઈ છે. જેથી ૨૦૧૨થી ૧૨ વર્ષના સમયગાળા દરમિયાન મંદિર ટ્રસ્ટના તમામ હિસાબોનું ઓડિટ કરવાની માંગ કરવામાં આવી છે. આ ઘટના અંગે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજીમાં હાઈકોર્ટની દેખરેખમાં સરકાર દ્વારા તપાસ કમિટીની રચના કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. આ સિવાય અરજીકર્તાએ ગંભીર આરોપ લગાવતાં અરજીમાં જણાવ્યું છે કે નોટબંધી દરમિયાન અને પછી પણ જૂની ચલણી નોટો ૨૦ ટકા કમિશનથી મંદિરમાં બદલવામાં આવતી હતી. ઉપરાંત મહુડી મંદિર ટ્રસ્ટના સભ્યો પર એવો આરોપ પણ લગાવવામાં આવ્યો છે કે આદર્શ બેંકના કૌભાંડના આરોપી મુકેશ મોદીના પૈસાથી જે ૫૨ કિલો સોનું ખરીદવામાં આવ્યું હતું એ પણ મેનેજમેન્ટે પોતાની પાસે રાખી મુક્યું છે. આ સિવાય સમગ્ર કૌભાંડમાં ૬૫ કિલો સોનું મંદિરમાં લાવવાને બદલે બારોબાર ગાયબ કરી દેવાયું છે, તેવો પણ આરોપ લગાવવામાં આવ્યો છે ત્યારે કરોડોની ઉચાપત મુદ્દે સરકાર દ્વારા તપાસ કમિટીની રચના કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં આ અંગે કરવામાં આવેલી અરજીમાં કમિટીની રચના કરી વર્ષ ૨૦૧૨થી તમામ હિસાબો ચકાસવા માંગ કરવામાં આવી છે. આ અંગે સ્વતંત્ર તપાસની માંગ કરીને છેલ્લા ૧૨ વર્ષોના ઓડિટ હિસાબોની તપાસ કરવા માંગ કરવામાં આવી છે. નોટબંધીમાં મંદિરની કમિટીના સભ્યો દ્વારા ૨૦ ટકા કમિશનથી જૂની નોટો બદલી ગેરરીતિ કર્યાનો આક્ષેપ લગવાયો છે. કાર્યકારી ટ્રસ્ટી સહિતના લોકો સામે ગંભીર ઉચાપતની અરજી દાખલ કરાઈ છે.







आगामी लोकसभा चुनाव २०२४ के प्रचार अंतर्गत आज ओडिशा के कणीका में केंद्रपाड़ा लोकसभा लोकसभा के उम्मीदवार बैजयंत पांडा ओर ओल विधानसभा क्षेत्र के भाजपा प्रत्याशी श्री कृष्ण चंद्र पंडा जी के समर्थन में भारतीय जनता पार्टी के वरिष्ठ पदाधिकारियों एवं उनके परिवारजनों के साथ गुजरात सरकार के केबिनेट मंत्री श्री कुबेरभाई डिंडोर साहब ने मुलाकात करके जनसंपर्क जिसमें बाटीपाडा ग्राम में श्री रश्मिरंजन बेहरा जी के माता-पिता से एवं नुआपाडा ग्राम में वरिष्ठ पार्टी पदाधिकारी श्री राजकिशोर राउत जी के घर पहुंच कर जनसंपर्क किया।

kamalam daily newspape r-24-05-2024

## તંત્રી સ્થાનેથી......

હાલ સમગ્ર ગુજરાત અગનવર્ષા થઈ રહી છે અને આગામી દિવસો દરમિયાન પણ તાપમાન વધુ રહેવાની શકયતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પોતાની આસપાસ વસતાં પશુ-પક્ષીઓને લૂથી બચાવવા કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. જે માટે મોરબી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

તરસ ન લાગે તો પણ સતત પાણી પીવું,

રેડિયો સાંભળો, ટી.વી જુઓ, હવામાન અંગેના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્રો વાંચો અથવા હવામાન વિશેની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરો. તરસ ન લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવું હિતાવહ છે. વાઈ, હૃદય, કીડની કે યકૃતને લગતી બિમારીથી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહીની માત્રા ઓછી લેવાની હોય તેમણે તેમજ જેમના શરીરમાં પ્રવાહીનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી લેતાં પહેલા ડૉક્ટરની સલાહ અચૂક લેવી.

કામદારો માટે આટલું કરો

કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવી જરૂરી છે. પ્રાથમિક સારવારની પેટીની વ્યવસ્થા કરવી. કાર્ય કરતી વખતે સીધો સૂર્ય પ્રકાશ આવે તેવી સ્થિતિ ટાળવી, સખત મહેનતનું કામ દિવસના ઠંડા સમયે ગોઠવવુ. જે કામદાર વધુ ગરમીવાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયેલા નથી તેમને હળવું તેમજ ઓછી અવધિ માટે કામ આપવું.

બપોરના સમયે ઘરની બહાર જવાનું ટાળવું

શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો ઉપયોગ કરો. વજનમાં તેમજ રંગમાં હળવા પ્રકારના સૂતરાઉ વસ્ત્રો પહેરો. જો તમે ઘરની બહાર હોવ તો, માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો. આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો.બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ લૂના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે, તેમની વિશેષ કાળજી લો.

લૂ લાગેલ વ્યક્તિને આ સારવાર આપો

જો કોઈ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો. શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ. અથવા લીંબુ સરબત જેવું પ્રવાહી આપો. વ્યકિતને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર ઉપર લઈ જાવ. જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય. ચક્કર આવતા હોય, નબળાઈ હોય, ઉલ્ટી થતી હોય કે બેભાન થઈ ગયો હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવો.

કૃષિ અને પશુપાલન વિષયક આટલું કરો

ઊભા પાક ને હળવૂ તેમજ વારંવાર સિંચન કરો. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટવેવ કે લૂ ફૂંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિંકલરથી સિંચાઇ કરો. પશુઓને છાયંડામાં રાખો અને તેમને શુધ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યા થી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. આશ્રય સ્થાનનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાંસની ગંજીથી ઢાંકો. પ્રોટીન ચરબી વગરનો આહાર આપો ખનીજ દ્રવ્યયુકત ખોરાક આપો.

મસાલેદાર અને તળેલા ખોરાકનું સેવન ન કરવું બપોરના ૧૨ વાગ્યા થી ૩ વાગ્યા સુધી તડકામાં ન જાવ, જ્યારે તમે બપોરના સમયે બહાર હોવ ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરો અને ઉઘાડા પગે બહાર ન જાવ. આ સમયે રસોઇ ન કરો કે રસોઈ કરતી વખતે રસોડામાં હવાની અવર જવર માટે બારી અને બારણા ખુલ્લા રાખો શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણા જેમ કે શરાબ, કોફી, સૌફટ ડ્રિંકસ ન લો. પ્રોટીનની વધુ માત્રા વાળા મસાલેદાર, તળેલા વધુ પડતા મીઠા વાળા આહારને ત્યજો. પાર્ક કરેલા વાહનમાં પાલતું પ્રાણી કે બાળકો ને એકલા ન રાખો. વધારે પડતી રોશની વાળા વિજળીના બલ્બનો ઉપયોગ ટાળો અને જરૂર ન હોય તો કોમ્પ્યુટર કે બીજા ઉપકરણને બંધ રાખો.

# તમામ મતદાન મથકો પર મતદાર મતદાનનો અંતિમ પ્રમાણિત ડેટા પ્રકાશિત કરવાની તેની પાસે કોઈ કાનૂની સત્તા નથી

નવી દિલ્હી, તા. ૨૩

દેશની સર્વોચ અદાલત સુપ્રીમ કોટને ભારતીય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે તમામ મતદાન મથકો પર મતદાર મતદાનનો અંતિમ પ્રમાણિત ડેટા પ્રકાશિત કરવાની તેની પાસે કોઈ કાનૂની સત્તા નથી. સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલ એફિડેવિટમાં, ચૂંટણી સંસ્થાએ જણાવ્યું હતું કે ફોર્મ ૧૭સી (દરેક મતદાન મથક પર મતદાન કરાયેલા મતો) પર આધારિત મતદાર મતદાન ડેટાની જાહેરાત મતદારોમાં મૂંઝવણ પેદા કરશે કારણ કે તેમાં પોસ્ટલ બેલેટની ગણતરી પણ સામેલ હશે. "કોઈપણ ચૂંટણીની હરીફાઈમાં જીતનું માર્જિન ખૂબ નજીક હોઈ શકે છે. આવા કિસ્સાઓમાં, જાહેર ક્ષેત્રમાં ફોર્મ ૧૭સી જાહેર કરવાથી મતદારોના મનમાં કુલ પડેલા મતો અંગે મૂંઝવણ ઊભી થઈ શકે છે કારણ કે બાદમાંના આંકડામાં મતોની સંખ્યા શામેલ હશે. ફોર્મ ૧૭સી મુજબ તેમજ પોસ્ટલ બેલેટ દ્વારા મળેલા મતો, જો કે, આવો તફાવત મતદારો દ્વારા સરળતાથી સમજી શકાશે નહીં અને પ્રેરિત હિત ધરાવતા વ્યકિતઓ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવી શકે છે ચૂંટણી તંત્રમાં અરાજકતા પેદા કરો જે પહેલેથી જ ગતિમાં છે." એફિડેવિટ એનજીઓ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)દ્વારા દાખલ કરવામાં આવી હતી જેમાં મતદાનના ૪૮ કલાકની અંદર, લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં થયેલા મતોની સંખ્યા સહિત તમામ મતદાન મથકો પર મતદાર મતદાનનો અંતિમ પ્રમાણિત ડેટા જાહેર કરવામાં આવ્યો હતો કરવાની માંગણી કરવામાં આવી હતી. કેન્દ્રીય ચૂંટણી પંચે તેના સોગંદનામામાં એડીઆર પર પણ પ્રહારો કર્યા હતા અને દલીલ કરી હતી કે કેટલાક "નિહિત હિત" તેની કામગીરીને બદનામ કરવા માટે તેના પર ખોટા આક્ષેપો કરતા રહે છે. ચૂંટણી સંસ્થાએ કહ્યું કે એડીઆર કાનૂની સત્તાનો દાવો કરી રહી છે જ્યાં કોઈ અસ્તિત્વમાં નથી, તે પણ ચાલી રહેલી લોકસભાની ચૂંટણીઓ વચ્ચે.

કેન્દ્રીય ચૂંટણી પંચે સર્વોચ્ચ અદાલતના તાજેતરના ઈવીએમ ચુકાદામાં એડીઆર વિરુદ્ધ પસાર કરાયેલા કડક નિયમો પર આધાર રાખ્યો હતો અને કહ્યું હતું કે સુનાવણીના વિવિધ તબક્કા દરમિયાન અરજદાર દ્વારા કરવામાં આવેલી ટ્વીટ અને સોશિયલ મીડિયા પોસ્ટ્સ સહિત જાહેર સંદેશાઓની શૈલી, ભાષા, ડિઝાઈન. સુપ્રીમ કોર્ટ સમક્ષના કેસો પર ધ્યાન આપવું જોઈએ. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને એડીઆર ની અરજીનો જવાબ આપવા માટે કહ્યું તે પછી કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી. એડીઆર દ્વારા અરજી મતદાનના દિવસે જાહેર કરાયેલા પ્રારંભિક અંદાજની તુલનામાં ચાલી રહેલી લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ અંતિમ મતદાન ટકાવારીમાં નોંધપાત્ર વધારા




અંગેના તાજેતરના વિવાદના પ્રકાશમાં દાખલ કરવામાં આવી હતી. એપ્લિકેશન હાઈલાઈટ કરે છે કે ૩૦ એપ્રિલના રોજ પ્રકાશિત થયેલ ડેટા મતદાનના દિવસે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ પ્રારંભિક ટકાવારીની તુલનામાં અંતિમ મતદાર મતદાનમાં તીવ્ર વધારો (લગભગ ૫-૬%) દર્શાવે છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે મતદાનની ટકાવારી જાહેર કરવામાં વિલંબથી મતદારો અને રાજકીય પક્ષોમાં આવા ડેટાની સચોટતા અંગે ચિંતા વધી છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) દ્વારા ૨૦૧૯ના કેસમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી કેન્દ્રીય ચૂંટણી પંચે તેની વેબસાઈટ પર ફોર્મ ૧૭સી ભાગ-૧ (રેકોર્ડેડ વોટ્સનું એકાઉન્ટ)ની સ્કેન કરેલી, સુવાચ્ય નકલો અપલોડ કરવા માટે નિર્દેશ માંગે છે. અરજીમાં જણાવાયું છે કે ૨૦૨૪ની ચૂંટણીમાં મતદાનના દરેક તબક્કા પછી ડેટા અપલોડ કરવો જોઈએ અને મતદારક્ષેત્ર અને મતદાન મથક મુજબ મતદાર મતદાનનો ડેટા સંપૂર્ણ સંખ્યામાં અને ટકાવારીના સ્વરૂપમાં પ્રદાન કરવો જોઈએ. વધુમાં, એડીઆર એ ફોર્મ ૧૭સી ના ભાગ-II ને જાહેર કરવાની માંગ કરી છે જેમાં પરિણામોના સંકલન પછી ઉમેદવાર મુજબની ગણતરીના પરિણામો શામેલ છે. એડીઆરએ આરોપ લગાવ્યો છે કે સચોટ અને નિર્વિવાદ ડેટાના આધારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) દ્વારા ચૂંટણી પરિણામો જાહેર કરવામાં કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી ફરજમાં બેદરકારી આવી છે.

## મોરબી ઘટક-૧ની આંગણાવાડીઓમાં બાલક પાલક સર્જન કાર્યક્રમ યોજાયો

**મોરબી આઈ.સી.ડી.એસ. કચેરી દ્વારા આંગણવાડી કેન્દ્રના ૨ થી ૩ વર્ષના બાળકો અને વાલીઓને માર્ગદર્શન અપાયું**



મોરબી જિલ્લામાં મોરબી-૧ ઘટકમાં આઈ.સી.ડી.એસ. કચેરી દ્વારા આંગણવાડી કેન્દ્રના ૨ થી ૩ વર્ષના બાળકો અને વાલીઓને માર્ગદર્શન આપવા માટે પાલક સર્જન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ.સી.ડી.એસ., મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીમાં કરાવવામાં આવતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓથી માતા-પિતા માહિતગાર થાય તે માટે બાલક પાલક સર્જન કાર્યક્રમનું તમામ આંગણવાડી કેન્દ્રોમાં આયોજન કરવાના ભાગરૂપે મોરબી-૧ ઘટકના બગથળા સેજાના બગથળા-૨ કેન્દ્ર પર સંયુક્ત રીતે ૪ આંગણવાડી કેન્દ્ર ખાતે બાલક પાલક સર્જન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૪ આંગણવાડી કેન્દ્રના ૨ થી ૩ વર્ષના બાળકો અને વાલીઓને આંમત્રણ આપીને બોલાવવામાં આવ્યા હતા. જ્યાં આઇ.સી.ડી.એસ. ઘટકમાંથી મુખ્ય સેવિકા પાયલબેન ડાંગર તેમજ પી.એસ.ઈ. મયુરીબેન વડગામા અને બગથળા ૧,૨,૩,૪ આંગણવાડી કેન્દ્રના કાર્યકર - તેડાગર બહેનો દ્વારા છાપ કામ, ચીટકકામ, જેવી પ્રવૃતિ બાળકો અને વાલીઓ દ્વારા સંયુક્ત રીતે કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નકલંક ધામના દામજીભાઇ ભગત, બગથળા સરપંચશ્રી પરેશભાઇ આંબલીયા, રમેશભાઇ, રતીભાઇ, નીતિનભાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સૌના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## સરકારી જમીનમાં થયેલા દબાણને દૂર કરતાં જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા

**તાલાલાના વિરપુર ગામે હાઇવે ટચ કિંમતી સરકારી જમીન પર થયેલા દબાણ દૂર કરાયા**


સોમનાથ

જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં તાલાલા તાલુકાના વીરપુર ગામે સરકારી સર્વે નંબર ૧૧૭ પૈકીની આશરે હે. ૧-૯૪-૦૦ ચોરસ મીટર એટલે કે ૧૨ (બાર) વીઘા જમીન જેની બજાર કિંમત આશરે રૂ. ૬ કરોડ થાય છે. તેના પરનું દબાણ દૂર કરી સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. જિલ્લામાં સરકારી જમીન પર કરવામાં આવેલા તમામ પ્રકારના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના અનુસંધાને તાલાલા-સાસણ સ્ટેટ હાઈવે ટચની આ જમીનની બંને બાજુએ આવેલ મોકાની સરકારી જમીનમાં બિનઅધિકૃત રીતે ઢોરઢાંખર રાખી વાડો બનાવી પેશકદમી કરી હતી. આ ઉપરાંત, ગેરકાયદેસર રીતે ખેતી વિષયક દબાણ કરવામાં આવ્યું હતું. આ સરકારી જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યા છે. આ તકે જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજય સિંહ જાડેજા દ્વારા રૂબરૂ સ્થળની મુલાકાત કરી આ



કિંમતી સરકારી જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ દબાણ દૂર કરવા સમયે પ્રાંત અધિકારી શ્રી ભૂમિકાબેન વાટલિયા, મામલતદાર શ્રી બિંદુબેન કુબાવત તથા મામલતદાર કચેરી ટીમ તાલાલા, પી.એસ.આઇ. શ્રી સિંધવ તથા પીજીવીસીએલ તાલાલાની ટીમો સાથે રાખી કાર્યવાહી કરવામાં આવી હતી.

## રાજ્યોમાં પડી રહેલી ભયંકર ગરમીના કારણે આરોગ્ય મંત્રાલયે જાહેર કરી એડવાઈઝરી



નવી દિલ્હી,તા. ૨૩

ઉત્તર પ્રદેશ, હરિયાણા, ગુજરાત, રાજસ્થાન સહિત દેશના રાજ્યોમાં પડી રહેલી ભયંકર ગરમીના કારણે લોકોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલ આગાહીમાં તો ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશ માટે રેડ એલર્ટ જાહેર કરતા લોકોને સતર્ક રહેવા જણાવ્યું છે. આ વચ્ચે કેન્દ્રીય પરિવાર અને સ્વાસ્થ્ય કલ્યાણ મંત્રાલયે ગરમીથી બચવાના ઉપાય જણાવ્યા છે. કેન્દ્રીય પરિવાર અને સ્વાસ્થ્ય કલ્યાણ મંત્રાલયે ગરમીથી બચવા માટે ચાર ઉપાયનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કરતા લખ્યું, "ભીષણ ગરમીમાં સ્વસ્થ્ય રહો. તરળ પદાર્થોનું સેવન વધારો અને હીટ સ્ટ્રોકના લક્ષણો પર ધ્યાન આપો." હકીકતે હવામાન વિભાગે કહ્યું છે કે ઉત્તર ભારત સહિત દેશના ઘણા ભાગોમાં ગરમીનો પ્રકોપ યથાવત છે.

**કેવી રીતે ભીષણ ગરમીથી બચવું?**

- તરળ પદાર્થોનું સેવન વધારો અને હીટ સ્ટ્રોકના લક્ષણોને ધ્યાનમાં રાખો.
- તાપ અને ભીડ વાળી જગ્યા પર જવાથી બચો.
- ભોજનમાં સ્વચ્છતા, પાણી અને છાયડાનું ધ્યાન રાખો.
- જો તમે લૂ સંબંધિત લક્ષણ અનુભવી રહ્યા છો તો ચિકિત્સા સેવા લો.

## મોરબી કલેકટરશ્રી કે. બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને PC-PNDT એકટ હેઠળ સમીક્ષા યોજાઇ

મોરબી

મોરબી જિલ્લા કલેકટરશ્રી કે. બી ઝવેરીના અધ્યક્ષસ્થાને PC-PNDT ADVISORY COMMMITTEE ની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. જેમાં આરોગ્યના વિવિધ વિભાગોએ કરેલ કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગર્ભ નિરીક્ષણ, સરકારી હોસ્પિટલમાં સ્વચ્છતા જાળવવા, સમગ્ર વર્ષ દરમિયાન કરેલ કામગીરીની માહિતી એકત્ર કરવા, ગામડાઓમાં થઈ રહેલ આરોગ્યની કામગીરીનો સર્વે કરવા, આરોગ્યની વધુ સારી સગવડતા પૂરી પાડવા, સેકસ રેશિયોનો દર જાળવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કવિતાબેન દવેએ આરોગ્ય ક્ષેત્રની તાલુકાવાર હોસ્પિટલો, ઉપલબ્ધ મેડિકલ સાધનો, સ્ટાફ તેમજ સેકસ રેશિયોનો દર વિશેની માહિતી રજૂ કરી હતી. આ બેઠકમાં કલેકટરશ્રી કે. બી ઝવેરીએ આરોગ્ય ક્ષેત્રે લોકોને કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે



તેવી સૂચરું વ્યવસ્થા ગોઠવવા અધિકારીઓને જણાવ્યું હતું, ઉપરાંત જિલ્લામાં ગર્ભ નિરીક્ષણ અંગે કડક પગલાં લેવા સૂચનાઓ આપી હતી. સરકારી હોસ્પિટલોમાં સ્વચ્છતા જાળવવા, ગામડાઓમાં આરોગ્ય વિષયક સર્વે કરવા તેમજ અસરકારક કામગીરી કરવા પણ સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિએ આરોગ્ય કર્મચારીઓને તાકીદ કરતાં જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રે જે કર્મચારીઓ કે અધિકારીઓ લાપરવાહી કે બેદરકારી દાખવશે તેની સામે કડક પગલાં લેવામાં આવશે. પ્રસૂતી દરમિયાન માતાનું મૃત્યુ ન થવું જોઈએ તેને બચવાવા સંપૂર્ણ પ્રયત્નો થવા જ જોઈએ તે વાત પર ભાર મુકીને સેકસ રેશિયાનો દર જાળવવા અંગે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આ બેઠકમાં મોરબી જિલ્લા કલેકટરશ્રી કે.બી. ઝવેરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જે.એસ. પ્રજાપતિ ઉપરાંત મોરબી પ્રાંત અધિકારીશ્રી સુશીલ પરમાર, હળવદ પ્રાંત અધિકારીશ્રી ધાર્મિક ડોબરીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કવિતાબેન દવે, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ શ્રી ડૉ. પ્રદીપ દૂધરેજીયા, સહાયક માહિતી નિયામક ઘનશ્યામ પેડવા, તમામ તાલુકાઓના તાલુકા આરોગ્ય અધિકારી સહિત આ બેઠકના સભ્યો અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લા માહિતી કચેરી ખાતેથી કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૪ વહેલા તે પહેલાના ધોરણે મેળવી શકાશે

**ધો.૧૦ અને ધો.૧૨ પછીની કારકિર્દી વિષયક મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ વિશેષાંકમાં મળશે**

વલસાડ

ધો. ૧૦ અને ધો. ૧૨ના અભ્યાસ પછીના કારકિર્દી ઘડતર માટેના મહત્વપૂર્ણ તબક્કામાં વિદ્યાર્થીઓના સર્વાંગી માર્ગદર્શન માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા "કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૪" પ્રકાશિત કરવામાં આવ્યો છે. ધો.૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ અભ્યાસક્રમો, કોલેજો, યુનિવર્સિટીઓ, કારકિર્દીના વિવિધ વિકલ્પો, રોજગારી-સ્વરોજગારીની તકો, વિદ્યાર્થીઓ માટે ઉપયોગી અભ્યાસને લગતી બાબતો, મહત્વપૂર્ણ શૈક્ષણિક અને વ્યાવસાયિક જાણકારી સહિતની અનેકવિધ કારકિર્દીલક્ષી ઉપયોગી માહિતી આ વિશેષાંકમાં સામેલ છે. કારકિર્દી ઘડતરમાં એન્જિનિયરિંગ અને મેડિકલ ફિલ્ડની વિવિધ શાખાઓ, આધુનિક સમયમાં કારકિર્દીના ઉમદા વિકલ્પો, કાયદા, કૃષિ, એરોસ્પેસ, સહિતના ક્ષેત્રે કારકિર્દી વિષયક માર્ગદર્શન ઉપરાંત રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી, ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વિવિધ અભ્યાસક્રમો, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક



મીડિયા અને ન્યૂ મીડિયા ક્ષેત્રમાં તકો અને બેંકિંગ ક્ષેત્રમાં કારકિર્દી સહિતનું માર્ગદર્શન તેમજ યુ.પી.એસ.સી, જી.પી.એસ.સી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષયક માર્ગદર્શન પણ આ અંકમાં સમાવિષ્ટ છે. કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક જિલ્લા માહિતી કચેરી, જિલ્લા સેવા સદન ૧, પહેલો માળ, ધરમપુર રોડ, વલસાડ ખાતેથી રૂ.૨૦/-ની કિંમતે વહેલા તે પહેલાના ધોરણે મળી શકશે.

kamalam daily newspape r-24-05-2024

### પાટણના ચાણસ્મા-હારીજ રોડ પર ગમખ્વાર અકસ્માત

# ટ્રેલર અને બાઈક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં બે યુવકોના મોત



પાટણ,તા. ૨૩

પાટણમાં એક ગમખ્વાર અસકમત સર્જાયો હતો જેમાં ચાણસ્મા-હારીજ રોડ પર ટ્રેલર અને બાઈકની અથડામણમાં બે લોકોના મોત થયા છે. જયારે અકસ્માત સર્જી ટ્રેલર ફરાર થઈ ગયો હતો, ત્યાં હાજર લોકો દ્વારા તાત્કાલિક પોલીસ અને મેડિકલ જરૂર માટે ૧૦૮ ને પણ ઘટનાસ્થળ પર બોલાવવામાં આવી હતી. પાટણના ચાણસ્મા-હારીજ રોડ પર ટ્રેલર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક પર સવાર ૨ કિશોરના મોત નિપજ્યા છે. અકસ્માતમાં ૧૮ અને ૧૪ વર્ષીય કિશોરના મોત થયા છે. અકસ્માત સર્જી ટ્રેલર ચાલક ફરાર થયો છે. બંને મૃતક કિશોર મહેસાણાના નાનીદાઉ ગામના રહેવાસી હતા.

બંને મૃતદેહને ચાણસ્મા સરકારી રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં જીગર ઠાકોર તેમજ મહેશ ઠાકોર નામના બે યુવાનોનાં ઘટનાસ્થળેજ કરુણ મોત નિપજ્યાં હતા. મૃતકોની લાશને વી છે. આજના દિવસે પાટણમા માર્ગ અકસ્માતની બે ઘટનામા ત્રણના મોત થયા છે. પોલીસ દ્વારા ફરાર ટ્રેલર ચાલકં પણ શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.

# ગુજરાતના ૫૦૦ વિદ્યાર્થીઓ કિર્ગિસ્તાનમાં કરે છે અભ્યાસ; ભારતીય દૂતાવાસે જરૂરી સલાહ સાથે જાહેર કર્યો હેલ્પલાઈન નંબર




બિશ્કેક, તા. ૨૩

કિર્ગિસ્તાન દેશમાં સ્થાનિકો અને વિદેશી વિદ્યાર્થીઓ વચ્ચે હિંસાની ઘટનાને લઈને રાજધાની બિશ્કેકમાં ભારે વિવાદ સર્જાયો છે. જેને લઈને છેલ્લા ઘણા દિવસોથી ત્યાં ફસાયેલા ગુજરાતી સહિત ભારતીય વિદ્યાર્થીઓ કિર્ગિસ્તાન છોડી ભારત પરત ફરી રહ્યા છે. તેવામાં બનાસકાંઠાના પણ ૮ વિદ્યાર્થીઓ આવતીકાલે અમદાવાદ પરત ફરી રહ્યા છે. ભોજન-પાણીની તંગી વચ્ચે હિંસાથી બચવા માટે વિદ્યાર્થીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. જો કે બુધવારે મોટી સંખ્યામાં પોલીસ દ્વારા ગુજરાતી વિદ્યાર્થીઓને સહીસલામત પ્રોટેક્શમાં એરપોર્ટ પહોંચાડાતાં વિદ્યાર્થીઓ ભારત પરત ફરી રહ્યા છે. તેવામાં શુક્રવારે બનાસકાંઠાના ૮ વિદ્યાર્થીઓને લઈને કિર્ગિસ્તાનથી ફ્લાઈટ અમદાવાદપહોંચશે.વિદ્યાર્થીઓના ચિંતિત માતાપિતાએ હાલ ગમે તે ભોગે ભારત પરત આવી જવાનું જણાવતાં મોટાપાયે ગુજરાતી વિદ્યાર્થીઓ કિર્ગિસ્તાન છોડી રહ્યા છે. ભણતર માટે ગયેલ વિદ્યાર્થીઓ કિર્ગીસ્તાનની રાજધાની બિશ્કેકમાં ફસાયેલા છે. એમબીબીએસ ના અભ્યાસ અર્થે ગયેલા વિદ્યાર્થીઓ ૧૨ દિવસથી ફસાયા છે. ત્યારે ચિંતિત માતા પિતાએ પોતાના બાળકોને પરત બોલાવી લીધા છે અને આવતીકાલે વિદ્યાર્થીઓ વતનમાં પરત ફરશે. નોંધનીય છે કે ગુજરાતના ૫૦૦ વિદ્યાર્થીઓ કિર્ગિસ્તાનમાં અભ્યાસ કરે છે. છેલ્લા ૧૨ દિવસથી કિર્ગિસ્તાનમાં હિંસા ભડકેલી છે અને વિદ્યાર્થીઓ સાથે મોબાઈલની લૂંટ અને અન્ય ચીજ વસ્તુઓની લૂંટ ચલાવી રહી છે. અહીં પાકિસ્તાની અને બાંગ્લાદેશી વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. કિર્ગિસ્તાનમાંથી ચોંકાવનારા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. અહીં વિદેશી વિદ્યાર્થીઓ પર સતત હુમલા થઈ રહ્યા છે. બિશ્કેકમાં ભારતીય એમ્બસીએ રવિવારે કહ્યું હતું કે ત્યાં સ્થિતિ હવે સામાન્ય છે અને ભારતીય વિદ્યાર્થીઓ સુરક્ષિત છે. એક્સ પર એક પોસ્ટમાં દૂતાવાસે લખ્યું હતું કે "બિશ્કેકમાં સ્થિતિ સામાન્ય છે. તમામ ભારતીય વિદ્યાર્થીઓ સુરક્ષિત છે." અગાઉની એક પોસ્ટમાં, કિર્ગિસ્તાનમાં ભારતીય એમ્બસીએ જણાવ્યું હતું કે, "અમે અમારા વિદ્યાર્થીઓના સંપર્કમાં છીએ. હાલમાં પરિસ્થિતિ શાંત છે પરંતુ વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ અત્યારે ઘરની અંદર જ રહે અને કોઈ સમસ્યા હોય તો અમારો સંપર્ક કરો. અમારો ૨૪૮૭ સંપર્ક નંબર ૦૫૫૫૭૧૦૦૪૧ છે." ભારતીય એમ્બેસીએ એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે તેમને કિર્ગીઝ રિપબ્લિકમાં અધિકારીઓ દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાનું પાલન કરવાનું ચાલુ રાખવા વિનંતી કરવામાં આવે છે. કોઈપણ સમસ્યાના કિસ્સામાં, વિદ્યાર્થીઓ ૦૫૫૫૭૧૦૦૪૧ પર એમ્બેસીનો સંપર્ક કરી શકે છે. સાથે જ કિર્ગિસ્તાનમાં ભારતીય એમ્બસીએ ભારતીય વિદ્યાર્થીઓને ઘરની અંદર રહેવા અને ભારતીય એમ્બસીનો સંપર્ક કરવાની સલાહ આપી હતી.

# સસરાએ છરીના ઘા મારી જમાઈને મોતને ઘાટ ઉતારી દીધો

અમદાવાદ,તા. ૨૩

અમદાવાદના શહેરકોટડા વિસ્તારમાં એક મોટી આઘાતજનક ઘટના બનવા પામી હતી જેમાં સસરાએ છરીના ઘા મારી જમાઈને મોતને ઘાટ ઉતારી દીધો હતો. શહેરકોટડા પોલીસે ઘટના સ્થળે પહોંચીને હત્યાનો ગુનો નોંધીને આરોપી સસરાની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. મૃતક જીતેન્દ્ર ઉર્ફે જીગાએ ૭ વર્ષ પહેલાં જયા ડોડીયા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. તેમની દોઢ વર્ષની દીકરી પણ છે. પતિ જીતેન્દ્ર બેકાર હોવાથી પોતાનું અને દીકરીનું ભરણપોષણ માટે જયાબેન પોતાના પિતા વિનુભાઈ ડોડીયાના ઘરે આવી ગઈ હતી. આરોપી વિનુભાઈ કટલરીની વસ્તુઓ વેચીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે જયાબેન પણ છૂટક મજુરી કરે છે. મૃતકને દારૂ પીવાની લત હતી. જેથી અવાર નવાર પોતાના સાસરે આવીને પત્ની જયાબેન પાસે પૈસાની માંગણી કરતો હતો. જો જયા પૈસા ના આપે તો તેને મારતો પણ હતો. ઘટનાના દિવસે પણ જીતેન્દ્ર પૈસા લેવા સાસરે આવ્યો. અને બંને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા ઉશ્કેરાયેલા સસરા વિનુભાઈએ છરીના ઘા ઝીકીને જમાઈની હત્યા કરી દીધી હતી. આરોપી વિનુભાઈ ડોડીયાએ પોતાની જ દીકરીને વિધવા બનાવી દીધી હતી.



શહેરકોટડા પોલીસે હત્યા કેસમાં મૃતક જીતેન્દ્રનું પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. જયારે આરોપી સસરા વિનુભાઈની ધરપકડ કરી લીધી છે. આ હત્યા પાછળ ઘરકંકાસ જ છે કે અન્ય કોઈ અદાવત છે, તે મુદ્દે પોલીસે આરોપીની પૂછપરછ શરૂ કરી છે. આ ઘટના બાબતે પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, શહેરકોટડામાં વિસ્તારમાં આવેલી અશોક મીલની ચાલીમાં આરોપી વિનુભાઈ ડોડીયાએ પોતાના જમાઈ જીતેન્દ્ર ઉર્ફે જીગો પરમાર પર છરીથી હુમલો કરીને હત્યા કરી દીધી. જીતેન્દ્ર ઉર્ફે જીગો પરમારને દારૂ પીવાની લત હતી, અને તે દારૂ પીવા માટે અવારનવાર આરોપીની દીકરી એટલે કે પોતાની પત્ની જયા ડોડિયા પાસે પૈસાની માંગણી કરતો હતો. જો તે પૈસા ન આપે તો મારપીટ પણ કરતો હતો. ત્યારે બુધવારે બપોરે અઢી વાગે પણ જીગો જયા પાસે દારૂના પૈસા માંગવા ગયો અને તેની સાથે મારપીટ કરી. આ વાતથી કંટાળીને આરોપીએ વિનુભાઈ ડોડીયાએ જમાઈની છરીના ઘા ઝીકીને હત્યા કરી દીધી. સ્થાનિક લોકોએ હત્યાને લઈને શહેરકોટડા પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચીને હત્યાનો ગુનો નોંધીને આરોપી સસરાની ધરપકડ કરી છે.

# નર્મદાની પાઈપલાઈનમાંથી પીવાના પાણીની ચોરી થતી હોવાની મળેલી ફરિયાદને પગલે જિલ્લા કલેકટરશ્રીની સૂત્રાપાડા તાલુકાના કદવાર ગામે ઓચિંતી તપાસ

## કદવાર ગામની સીમમાં ગેરકાયદેસર લગાવેલા પાણીના કનેક્શન ઝડપી પાડતાં જિલ્લા કલેકટરશ્રી

### જિલ્લામાં થતી પીવાના પાણીની ચોરીને કડક સાથે ડામી લેવામાં આવશે- કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા



સોમનાથ

સૂત્રાપાડા તાલુકામાં પીવાનું પાણી ન મળવાની મળેલી ફરિયાદોને પગલે કલેક્ટર શ્રી દિગ્વિજય સિંહ જાડેજા આજે સવારે અચાનક સૂત્રાપાડા તાલુકાના કદવાર ગામની સીમમાં પહોંચ્યાં હતાં. અત્યારે ઉનાળાના આકરી ગરમીને લીધે અને દરિયાકિનારે હોવાના કારણે ગીર સોમનાથ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા ઉદભવતી હોય છે. તેવામાં નર્મદાની પાઈપલાઈનમાંથી ગેરકાયદેસર રીતે લગાવેલા પાણીના કનેક્શન કલેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં જમીનમાંથી શોધી કાઢવામાં આવ્યાં હતાં અને તેને જીસીબીની મદદથી દૂર કરવામાં આવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, સોનારીયા થી પ્રશ્નાવડા જતી નર્મદાની પાઈપલાઈન વડે જિલ્લાના બાર ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. અમૂક લોકો ગેરકાયદેસર રીતે પાણીના કનેક્શન લગાવીને વચ્ચેથી જ પાણીની ચોરી કરતાં હતાં. જેને પગલે આ લાઈનમાં છેવાડે આવેલા ગામોના ગામના લોકોને પૂરતા પ્રમાણમાં પાણી મળતું ન હતું. જિલ્લા કલેકટરશ્રીએ આ અંગે જણાવ્યું હતું કે, લોકોને પીવાના પાણી પૂરતું મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા કરોડોનો ખર્ચ કરીને નર્મદાની પાઈપલાઈન વડે પાણી પૂરું પાડવામાં આવે છે. જ્યારે અમૂક લોકો તેનો ખોટો ઉપયોગ કરતાં ગેરકાયદેસર રીતે આ લાઈનમાં પંચર પાડીને પાણી લે છે, જેના કારણે છેવાડાના ગામોમાં પૂરતા પ્રેશરથી પાણી મળતું નથી. કલેકટરશ્રીએ આવી લાઈનો શોધી કાઢીને તાત્કાલિક દૂર કરવા માટે નર્મદા અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત, જમીનમાં રહેલી આવી લાઈનો શોધી કાઢવા માટે તાત્કાલિક જેસીબીથી કાર્યવાહી આરંભી આવાં એક પણ કનેક્શન બાકી ન રહે અને સાચા લોકોને સાચી રીતે પૂરતા પ્રમાણમાં પાણી મળે તે માટે તંત્ર કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતું. કલેકટરશ્રીએ આવાં ગેરકાયદેસર રીતે કનેક્શન લેનાર લોકો સામે કડક હાથે કામ લેવાં અને જરૂર પડે પોલીસ ફરિયાદ નોંધાવવા માટે પણ તંત્રના અધિકારીઓને માર્ગદર્શિત કર્યાં હતાં. આ તપાસ દરમિયાન પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેર શ્રી બી.એન.પટેલ, મામલતદાર શ્રી વી.એસ.પ્રજાપતી, તાલુકા વિકાસ અધિકારી શ્રી ભાવસિંહ પરમાર સહિતના અધિકારીઓ-કર્મચારીઓની ઉપસ્થિત રહ્યાં હતાં.

# અરવલ્લી જિલ્લામા યોજાયો બાલક પાલક સર્જન કાર્યક્રમ

## જિલ્લાના ૩-૬ વર્ષના બાળકો અને વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે જાગૃત કરાયા



અરવલ્લી

અરવલ્લી જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં તા.૨૧/૦૫/૨૦૨૪ અને તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ બાલક પાલક સર્જન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા.૨૧/૦૫/૨૦૨૪ ના રોજ આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકો અને તેમના વાલીઓ ને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંતર્ગત જાગૃતતા લાવવા વિવિધ પ્રવૃતિઓ યોજવામાં આવી. સર્જનાત્મક પ્રવૃત્તિ જેવી કે, ચિટક કામ, રંગ કામ, પરોવણી,છાપ કામ કરાવવામાં આવેલ. તેમજ બાળકોના સર્વાંગી વિકાસ અંગે તેમના વાલીને સમજાવવામાં આવ્યું હતું.આંગણવાડીમાં કરાવવામાં આવતી રોજે રોજ ની પૂર્વ પ્રાથમિક શિક્ષણની થીમ મુજબ પ્રવૃત્તિ વાલી વ્હોટ્સએપ ગ્રુપમાં મોકલવામાં આવે છે તેમજ ડિજિટલ કેલેન્ડર અને સેટકોમ અંગે માહિતગાર કરવામાં આવ્યા. તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ આંગણવાડીમાં ૨ થી ૩ વર્ષના પ્રવેશ પાત્ર બાળકો અને વાલીઓ ને આંગણવાડીમાં આમંત્રિત કરવામાં આવેલ. વાલીઓને આંગણવાડીમાં અપાતી સેવાઓ અંગે માહિતગાર કરવામાં આવેલ તેમજ બાળકો ને આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ થીમ મુજબ આપવામાં આવે છે તેમજ સેટકોમ અંગે માહિતગાર કર્યા.

# રાજકોટ કલેકટરશ્રી પ્રભવ જોશીની અદ્યક્ષતામાં "નશામુકિત અભિયાન" અંગેની બેઠક યોજાઈ




રાજકોટ

ભારત સરકારના 'નશામુક્ત ભારત અભિયાન' ના અમલીકરણ અંગેની રાજકોટની જિલ્લા સ્તરની નશામુક્ત અભિયાન સમિતિની બેઠક કલેકટરશ્રી પ્રભવ જોશીના અદયક્ષાસ્થાને યોજાઈ હતી. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં કલેકટર શ્રી પ્રભવ જોશીએ હાલમાં રાજકોટમાં યોજાયેલ કેન્સર વોરિયર ફેશન શોનું ઉદારહણ આપીને જિલ્લાની તમામ સરકારી કચેરીઓ અને શાળા કોલેજોમાં નશા મુક્તિ અભિયાન અંતર્ગત વધુને વધુ લોકોમાં જાગૃતિ આવે તે માટે અપીલ કરી હતી. ઉપરાંત સોશિયલ મીડિયા પર નશામુક્તિ અંગેના વિવિધ વિડીયો બનાવીને નશાથી થતા નુકશાન અંગે લોકોમાં જાગૃતિ આવે તે સંદર્ભે સંદેશો ફેલાવવા પર ભાર મુકયો હતો. જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હણેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે શહેર અને ગામડાઓમાં જઈને લોકોને ૧૫ મિનિટ જાગૃતિ સંદેશ આપવો જોઈએ. શ્રી ગવ્હણેએ માવા, ફાકી અને ગુટખા સહિતના વ્યસનથી થતાં કેન્સર જેવા રોગોથી બચવા અને તંદુરસ્ત રહેવા લોકોને જાગૃત કરવા અંગે સૂચનો આપ્યા હતા. ઉપરાંત યુવાઓને નશામુકિત માટે મનોચિકિત્સકની મદદ લેવા જણાવ્યું હતું. આ મિટિંગમાં ''નશામુકિત અભિયાન હેઠળ કરાયેલ કામગીરીની જાણકારી આપતા જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એચ.આર.રાઠોડે જણાવ્યું હતું કે, રાજકોટમાં નશા મુક્ત ભારત અભિયાન હેઠળ જાન્યુઆરીથી મે મહિના સુધી વિવિધ સ્થળોએ ચાર કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જેમાં ૬૫૦ વ્યક્તિઓ નશા મુક્તિ અભિયાન અંગે જાગૃતિ મેળવીને લાભાન્વિત થયા છે. આ બેઠકમાં વિકસતી જાતિ કલ્યાણના નાયબ નિયામક શ્રી એસ.એચ લાંબા, મેડિકલ ઓફિસર, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી ડો. જે.એસ.વાકાણી, જિલ્લા બાળ સુરક્ષા વિભાગના ઓફિસર ઈન્ચાર્જ શ્રી અલ્પેશભાઈ ગોસ્વામી, જિલ્લા શાસનાધિકારીશ્રી નમેરા વિપુલા એસ, આઈ.ટી.આઈના પ્રિ - સી પા લ શ્રી ડી.એમ.રાસમિયા, પોલીસ ઈન્સ્પેકટરશ્રી જે.એમ. કૈલા, પોલીસ વિભાગના પ્રતિનિધિશ્રી જે.એસ.જાપડિયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જેતપુર તાલુકામાં પ્રિ-મોનસુન તૈયારીઓ અંગે બેઠક યોજાઈ

## કંટ્રોલ રૂમ, સંદેશાવ્યવહારના સાધનો, સુરક્ષા વ્યવસ્થા વગેરે વિષે ચર્ચા કરાઈ



રાજકોટ

આગામી વર્ષાઋતુ-૨૦૨૪ના આગોતરા આયોજન માટે જેતપુર તાલુકાના લાયઝન અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જય ગૌસ્વામીના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી,જેતપુર ખાતે તાલુકાના તમામ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં ડેમ ખાતે ૨૪ કલાક કંટ્રોલરૂમ ચાલુ રાખવા, ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત ખેતમજૂરોની યાદી તેમજ વાવાઝોડા કે અતિવૃષ્ટિના સમયે શકયતઃ શેલ્ટર હોમમાં ખસેડવા માટે જરૂરી અસરગ્રસ્તોની યાદી તૈયાર કરવા, કોઝવે પર સ્થિતિ દર્શક સિગ્નલ મૂકવા, પૂરના સમયે કોઝવે પર પોલીસને બંદોબસ્ત ગોઠવવા વગેરે વિશે સૂચના આપવામાં આવી હતી. અધિકારીશ્રીએ શાળામાં અભ્યાસ કરતા બાળકોની સુરક્ષાને ધ્યાને લઈ વાવાઝોડું કે અતિવૃષ્ટિ સમયે બાળકોને શાળા માટેના પરિવહનના વાહનો બસ-વાન વગેરેને પણ કોઝવે પરથી પસાર ન થવા દેવાની તકેદારી રાખવા જણાવ્યું હતું. તદુપરાંત નિચાણવાળા વિસ્તારની અને વૈકલ્પિક રસ્તાની યાદી તૈયાર કરી ૮ ય વ ૨ ૧ ા ા કરવા,પી.જી.વી.સી.એલ. દ્વારા વીજળીના તૂટેલા તાર-જોખમી કે ઝૂકેલા વીજ પોલ નિકાલની કામગીરી, આવશ્યક વાયર-નવા પોલ જેવા મટીરીયલના જથ્થા, રસ્તા બંધ થતાં વૃક્ષો હટાવવા-કાપવાના સાધનો, આરોગ્ય કેન્દ્ર-હોસ્પિટલો ખાતે સાધનો-દવાઓ, કલોરિનેશન, રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, માનવબળ વગેરેની ઉપલબ્ધિ વિષે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં તાલુકા આરોગ્ય અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, માર્ગ અને મકાન પંચાયત તથા રાજયના તાલુકા અધિકારીઓ, પશુ ડોકટર, પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ, તલાટીઓ, ચીફ ઓફિસર જેતપુર વગેરે અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

kamalam daily newspaper-24-05-2024

# વિશ્વવિદ્યાલય ખાતે “ABHA CARD – (આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ)” કેમ્પ યોજાયો






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આરોગ્ય સેન્ટર દ્વારા વિશ્વવિદ્યાલયના માનનીય કા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ દિનાંક ૨૨ મે, ૨૦૨૪ ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હોલ ખાતે “ABHA CARD – (આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ)” કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સંદીપભાઈ દેસાઈ – ૧૬૮ ચોર્યાસી વિધાનસભા ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓએસડી ડૉ.પ્રકાશચંદ્ર પટેલ, આરોગ્ય સેન્ટરના ડૉ. કૈલાશબેન સોલંકી અને ડૉ. અજીત મહેશ્વરી તથા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. કેમ્પમાં ઉપસ્થિત સૌને ABHA CARD કઈ રીતે કાઢવું તેની પ્રક્રિયા જણાવવામાં આવી હતી અને સૌને આભા કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (આભા) કાર્ડને લઈ લોકોએ હવે વધુ આરોગ્ય સેવા સગવડતા પ્રાપ્ત કરવી સરળ થઈ છે. આ કાર્ડ, આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) નો ભાગ છે, જે તમારા આરોગ્ય રેકોર્ડને ડિજિટલ રીતે સંગ્રહિત કરવા અને મેનેજ કરવા માટે બનાવવામાં આવ્યો છે. ત્યારબાદ આભા કાર્ડના ફાયદાઓ જણાવવામાં આવ્યા હતા જેમ કે, સ્વાસ્થ્ય રેકોર્ડની ખાનગી અને સુરક્ષિત સંભાળ, આ કાર્ડથી તમે તમારા આરોગ્ય રેકોર્ડને ડોક્ટરો અને હોસ્પિટલો સાથે સરળતાથી શેર કરી શકો છો, જેનાથી વધુ સારી અને ઝડપી સારવાર મેળવવામાં સહાય થાય છે, આભા કાર્ડ તમારી ડિજીટલ રીતે માહિતી સાચવે છે, જેનાથી કાગળ પર આધારિત દસ્તાવેજોની જરૂરિયાત ઘટે છે, વીમા પ્રક્રિયા સરળતાઃ આ કાર્ડનો ઉપયોગ વીમા કંપનીઓ સાથે પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા માટે પણ થાય છે, જેના કારણે વ્યક્તિને સમયસર સારવાર મળી શકે છે.

## એક ઝડપી કાર પલટી જતાં ત્રણ ભારતીય-અમેરિકન વિદ્યાર્થીઓના મોત, બે લોકો ઘાયલ




જ્યોર્જિયા,તા. ૨૩

અમેરિકાના જ્યોર્જિયામાં એક ભયંકર માર્ગ અકસ્માત થયો જેમાં એક ઝડપી કાર પલટી જતાં ત્રણ ભારતીય-અમેરિકન વિદ્યાર્થીઓના મોત થયા હતા અને બે લોકો ઘાયલ થયા હતા. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર,મૃતકોની ઓળખ શ્રિયા અવસારલા, અન્વી શર્મા અને આર્યન જોશી તરીકે કરવામાં આવી છે, જેઓ ગયા અઠવાડિયે અલ્ફારેટ્ટાના વેસ્ટસાઈડ પાર્કવે પર અકસ્માત સર્જાયેલા વાહનમાં મુસાફરો હતા. ઘટનાસ્થળે હાજર પુરાવાના આધારે એવું માનવામાં આવે છે કે ઓવરસપીડના કારણે ડ્રાઈવરે તેની કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના પછી કાર પલટી ગઈ હતી. કારમાં મુસાફરી કરી રહેલા બે લોકો – જોશી અને અવસારલા સ્થળ પર મૃત હાલતમાં મળી આવ્યા હતા. બાકીના ત્રણ લોકોને સારવાર માટે નોર્થ ફુલટન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અલ્ફારેટા પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે શર્માનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. જ્યોર્જિયા સ્ટેટ યુનિવર્સિટીના વિદ્યાર્થી અને ડ્રાઈવર રિત્વક સોમપલ્લી અને અલ્ફારેટા હાઈસ્કૂલના વિદ્યાર્થી મોહમ્મદ લિયાકતને ઈજાગ્રસ્ત અન્ય બે વિદ્યાર્થીઓ તરીકે ઓળખવામાં આવ્યા હતા અને તેમના દ્વારા આપવામાં આવેલ નિવેદન અનુસાર, દરેકની ઉંમર ૧૮ વર્ષની હતી.

## પુણે પોર્શ ગાડી અકસ્માત કેસ: જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે ૧૭ વર્ષીય સગીર આરોપીના જામીન રદ કર્યા

પુણે,તા. ૨૩

મહારાષ્ટ્રના પુણે માં થયેલ પોર્શ ગાડી દ્વારા અકસ્માતના કેસમાં કોર્ટે એક મોટો અને મહત્વનો નિર્ણય લીધો છે. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ દ્વારા પુણે પોર્શ અકસ્માત કેસમાં ૧૭ વર્ષીય સગીર આરોપીના જામીન રદ કરવામાં આવ્યા હતા, હવે તેને જુવેનાઈલ હોમમાં મોકલી દેવામાં આવ્યો છે. આરોપીઓને ૫ જૂન સુધી ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવશે. આરોપીને પુખ્ત વયના ગણવા કે નહીં તે અંગે કોર્ટે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. માનવામાં આવી રહ્યું છે કે ૫ જૂન સુધીમાં આ અંગે નિર્ણય લેવામાં આવી શકે છે. પુણે પોર્શ ગાડી અકસ્માત કેસમાં અગાઉ, પોલીસે ૧૭ વર્ષીય સગીરના બિલ્ડર પિતાની ધરપકડ કરી હતી, જેમને કોર્ટે ૨૪ મે સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા છે. આ ઘટનાનો મુખ્ય સૂત્રધાર સગીર આરોપીના જામીન રદ કરી તેને બાળગૃહમાં મોકલવામાં આવ્યો છે. પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે કહ્યું કે, સગીર આરોપી પર પુખ્ત વયની જેમ જ કેસ ચલાવવો જોઈએ. આ માટે પોલીસે ઉચ્ચ અદાલત પાસે પરવાનગી માંગી છે. જણાવી દઈએ કે




૧૯ મેના રોજ પોર્શ કાર સાથે અથડામણમાં બાઈક સવાર યુવક અને યુવતીના મોત થયા હતા. જેના બાદ આ મામલે મોટો ઉહાપોહ મચતા સગીર આરોપી અને તેના પિતાની ધરપકડ કરાઈ હતી.

## એપીએમસીના ચેરમેન અને ચોર્યાસી ના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈના પરમાં જન્મદિવસની સેવાકીય કાર્ય કરી ઉજવણી કરી.



સુરત એપીએમસીના ચેરમેન અને ચોર્યાસી ના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ ના પરમાં જન્મદિનની સુરત શહેર તેમજ સુરત જિલ્લા દ્વારા ઉજવણી કરવામાં આવી હતી તેમજ સુરત જિલ્લા સહકારી મંડળીઓ તથા સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ આરોગ્ય તેમજ સુરતની વિવિધ સંસ્થાઓ દ્વારા સંદીપભાઈ દેસાઈના જન્મદિવસ ને જન સેવા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો તેમજ સાઈબાબાના મંદિરે તેમજ દિવ્યાંગબાળકો સાથે તેમના જન્મદિનની ઉજવણી કરી સેવાકીય કાર્યો કર્યા હતા. તથા તેમના મોટી સંખ્યાના સમર્થકો દ્વારા જન્મદ દીવસની ખુબ ખુબ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## બ્રિટનમાં ૪ જુલાઈએ સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાશે



લંડન,તા. ૨૩

બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકે લંડનની ડાઉનિંગ સ્ટ્રીટ પરથી ચૂંટણીની તારીખ વહેલી જાહેર કરી હતી.

બ્રિટનમાં ૪ જુલાઈએ સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાશે. જોકે, થોડા સમય પહેલા સુનકે વર્ષના બીજા ભાગમાં સામાન્ય ચૂંટણી યોજવાની વાત કરી હતી. બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકે જણાવ્યું હતું કેતેમણે ચૂંટણી માટે ૪ જુલાઈનો દિવસ નક્કી કર્યો છે જેથી લોકો નક્કી કરી શકે કે તેઓ દેશે કરેલી પ્રગતિને આગળ વધારવા માગે છે કે પછી યથાસ્થિતિમાં પાછા જવું છે. સુનકે જણાવ્યું હતું કે દેશની અર્થવ્યવસ્થા હવે ફ્રાન્સ, જર્મની અને યુએસએ કરતાં વધુ ઝડપથી વધી રહી છે, ફુગાવો સામાન્ય થયો છે. આ ઘટનાક્રમ દર્શાવે છે કે તેમની સરકારની યોજનાઓ અને પ્રાથમિકતાઓ કામ કરી રહી છે. સૂત્રો અને ઓપિનિયન પોલમાં પાછળ રહેવાને કારણે આ તેમની કન્ઝર્વેટિવ પાર્ટી માટે જોખમી રણનીતિ માનવામાં આવી રહી છે. ભૂતપૂર્વ ઈન્વેસ્ટમેન્ટ બેન્કર અને નાણા પ્રધાન ઋષિ સુનકે બે વર્ષ કરતાં ઓછા સમય પહેલાં વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. ચૂંટણીની જાહેરાત થતાં બંને પક્ષોએ ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. ઋષિ સુનક અને તેની કન્ઝર્વેટિવ પાર્ટીએ લેબર પાર્ટી પર આરોપ લગાવ્યો કે જો તેઓ સરકારમાં આવશે તો ટેકસ વધારશે. તેમણે જણાવ્યું કે, આયોજનના અભાવને કારણે બ્રિટન લેબરના હાથમાં સુરક્ષિત નથી. જોકે, વિપક્ષો લેબર પાર્ટી સરકારના આરોપોને નકારી કાઢ્યાં છે. તો બીજી તરફ લેબર પાર્ટીએ સરકાર પર ૧૪ વર્ષનાં આર્થિક ગેરવહીવટ, અવ્યવસ્થિત વહીવટ અને લોકોને ખરાબ સ્થિતિમાં છોડી દેવાનો આરોપ લગાવ્યો હતા.

## અમદાવાદ મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગ દ્વારા હીટ્વેવ બાબતે જાગૃતિ ફેલાવવાના પ્રયાસો

### સી.એન.સી.ડી. વિભાગ દ્વારા જુદી જુદી ટીમો બનાવી હીટવેવ પ્રોન વિસ્તારની મુલાકાત લઈ લોકો સાથે સંવાદ અને માર્ગદર્શન તથા ORS પાઉચનું વિતરણ કરાયું







અમદાવાદમાં કાળઝાળ ગરમીને પગલે મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગ દ્વારા હીટવેવ બાબતે જાગૃતિ ફેલાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હીટવેવ અને ગરમીના પ્રકોપથી બચવા માટે હીટવેવ એકશન પ્લાન અંતર્ગત વિવિધ કામગીરીઓ કરવામાં આવી રહી છે. અમદાવાદના વિવિધ ઝોનમાં સી.એન.સી.ડી. વિભાગની ઝોન વાઈઝ અને શિફટવાઈઝ ટીમો કાર્યરત છે. આ ટીમો હીટવેવ પ્રોન વિસ્તારોની મુલાકાત લઈ નાગરિકોને સમજ આપે છે. સાથોસાથ ORSના પેકેટનું વિતરણ કરી તેને ઉપયોગમાં લેવાની, નિયત પેમ્ફલેટનુ વિતરણ કરી હીટવેવથી બચવા માટેના વિવિધ ઉપાયો અંગે નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવે છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028

kamalam daily newspape r-24-05-2024